# જિલ્લા પંચાયત, અમદાવાદ હસ્તકની મહેસુલ શાખામાં થતી કામગીરીની અંગેની વિગત.

| અ.નં. | પ્ર.શાખા | કર્મચારીની વિગત | કામગીરીની વિગત |
|---|---|---|---|
| ૧ | મહેસુલ-૧<br>એન.એ.દફતર | નાયબ ચીટનીશ-૨<br>જુનીયર કલાર્ક-૧ | ૧) <u>જમીન મહેસુલ કાયદાની કલમ - ૬૫, ૬૬, ૬૭ ના કેસોની કામગીરી</u><br>આ કાયદા હેઠળ આવતી અરજીઓ એસ.આર.રજીસ્ટરમાં નોંધી અરજદારશ્રી પાસે ખુટતી વિગતો મંગાવવી અને કેસ સાથે જરૂરીયાતની વિગતો હોય તો મંગાવવા પાત્ર અભિપ્રાયો મંગાવવાના હોય છે. જેઓના અભિપ્રાય હકારાત્મક આવે તો મંજુરી આપવાની કાર્યવાહી કરવી અને નકારાત્મક આવે તો પૂર્તતા કરાવવી કાર્યવાહી કરવી. |
| | | | ૨) <u>એ.જી./પી.આર.સી./સી.એ.જી. કચેરીના ઓડીટ પેરા</u><br>એ.જી.અમદાવાદની કચેરી દ્વારા દર વર્ષે ૧૦૦ ટકા ઓડીટ કરવામાં આવે છે. તેમાં લીધેલ પેરાઓની પૂર્તતા કરાવવી તથા તે પેરા સી.એ.જી. કે પી.આર.સી. થયા હોય તો જવાબો કરવા<br>બાકી પેરાની વિગત ૨૦૦૧-૦૨ ૧ પેરા<br>૨૦૦૩-૦૪ ૨ પેરા<br>૨૦૦૫-૦૬ ૨ પેરા<br>૨૦૦૬-૦૭ ૧ પેરા<br>૨૦૧૦-૧૧ ૩ પેરા<br>ડ્રાફટ પેરા ૫ પેરા (પાંચ પેરા)<br>સી.એ.જી. પેરા ૬ પેરા (છ પેરા) |
| | | | ૩) <u>ભૂકંપની કામગીરી</u><br>હાલ કોઇ કામગીરી કરવાની બાકીમાં નથી. |
| | | | ૪) <u>વગરરજાના બાંધકામોની નોટીસો આપવા સુનાવણી રાખવી તથા નિર્ણયો લેવા.</u><br>તાલુકા કક્ષાએથી આવેલા અહેવાલ નોટીસ આપવી દંડકીય કાર્યવાહી કરવી. |
| | | | ૫) <u>માહિતી અધિકાર એકટ-૨૦૦૫ અન્વયેની કામગીરી</u> |
| | | | ૬) <u>શાખાની ટપાલ લેવી</u> |
| | | | ૭) <u>ઈવીકશન કોર્ટને લગતી કામગીરી</u> |

# મહેસુલ શાખામાં આર.ઇ.વી. દફતરે થતી કામગીરીની ટુંકી નોંધ ::-

| અ.નં. | પ્ર.શાખા | કર્મચારીની વિગત | કામગીરીની ટુકમાં વિગત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | આર.ઇ.વી. દફતર | ના.ચિ.-૧ જુ.કલાર્ક-૨ | જમીન મહેસુલ તેમજ અન્ય સરકારી લેણાની વસુલાત સબંધિત કામગીરી જેવી  કે જમીન મહેસુલ, લોકલફંડ, શિક્ષણ ઉપકર વગેરે સરકારી લેણાની વસુલાત ત.ક.મં. દ્વારા કરવામાં આવે છે. મહેસુલી વર્ષ દરમ્યાન ૧૦૦ ટકા વસુલાત થાય તે અંગેના સઘન પ્રયત્નો તાલુકા અને જિલ્લા કક્ષાએથી થાય છે. તેમજ તાલુકા કચેરીએ રાખવામાં આવતી અઠવાડીક મિટીંગમાં ના.જિ.વિ.અધિ.શ્રી દ્વારા હાજરી આપી ૧૦૦ ટકા વસુલાત કરવા જરૂરી સુચનો આપવામાં આવે છે. નબળી વસુલાતવાળા સેજાના ત.ક.મં.સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવે છે. |
| ૨ | | | સને ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૨૧૯ અન્વયે જમીન મહેસુલ વેરાની વસુલાતના પ્રમાણમાં છેલ્લા ત્રણ વર્ષની સરાસરી વસુલાતના આંકડા ધ્યાને લઇ જમીન મહેસુલ મેળવવા અંગેની ધોરણસરની દરખાસ્ત જિલ્લા કલેકટરશ્રી મારફતે વિકાસ કમિશનરશ્રીની કચેરીને મોકલી આપવામાં આવે છે.<br>વિકાસ કમિશનરશ્રી તરફથી ગ્રાંન્ટ મેળવી ગામવાર તાલુકાવાર નીચે જણાવેલ વિગત અત્રેથી ફાળવણી કરવામાં આવે છે.<br>છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ આવકના<br>૧) ૩૫ ટકા ત.ક.મં.ના મહેકમ ખર્ચાના બાદ કરવામાં આવે છે.<br>૨) ૫ ટકા રાજય સમકારી નીધિ તરીકે જમા રાખવામાં આવે છે.<br>અ.નં.૧ અને ૨ ની રકમ બાદ કર્યા પછીની રકમ જમીન મહેસુલ ગ્રાન્ટ તરીકે મળવાપાત્ર થાય છે જે પૈકી<br>૩) ૫૦ ટકા ગ્રામ પંચાયતનો હિસ્સો<br>૪) ૨૫ ટકા તાલુકા પંચાયતનો હિસ્સો<br>૫) ૧૦ ટકા જિલ્લા પંચાયતનો હિસ્સો<br>૬) ૭/૧  ટકા જિલ્લા સમકારી નિધીની રકમ<br>૭) ૭/૧   ટકા જિલ્લા ગ્રામ ઉત્તેજન નિધીની રકમ<br>હાલમાં છેલ્લા મહેસુલી વર્ષ સને ૨૦૧૦-૧૧ ની જમીન મહેસુલ અનુદાનની દરખાસ્ત વિકાસ કમિ.શ્રીને મોકલી આપવામાં આવેલ જે સંદર્ભે તેઓના તા.૨૧/૩/૧૨ ના હુકમથી કુલ રૂ.૯૩,૦૨,૦૦૦/- ગ્રાન્ટ અત્રેના જિલ્લાને મળેલ છે. |
| ૩ | | | સને ૧૯૯૩ ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૧૯૮ અન્વયે મહેસુલી વર્ષ દરમ્યાન લોકલફંડ શેષની કરેલ વેરા વસુલાત ઉપર જિલ્લા |

| | | | |
|---|---|---|---|
| | | | પંચાયતને લોકલફંડ શેષ અનુદાન મળવાપાત્ર થાય છે જે અંગે વસુલાત અંગેના ટ્રેઝરી કચેરી પ્રમાણિત આંકડા તાલુકા પંચાયત પાસેથી નિયત નમુનામાં મેળવી વિકાસ કમિ.શ્રીને ધોરણસરની દરખાસ્ત ગ્રાન્ટ મેળવવા મોકલી આપવામાં આવે છે. અત્રેના જિલ્લાની છેલ્લા વર્ષની સને ૨૦૧૦-૧૧ ની ગ્રાન્ટ મેળવવાની દરખાસ્ત તા.૨૧/૧૦/૧૧ ના પત્રથી વિકાસ કમિશનરશ્રીની કચેરીને મોકલી આપવામાં આવેલ છે.જે અત્રેના જિલ્લાને મહેસુલી વર્ષ ૨૦૦૯-૧૦ ની રૂા. ૩,૪૬,૬૯,૪૦૦ મળેલ છે. ઉપરાંત વર્ષ ૨૦૧૦-૧૧ માં મળવાપાત્ર ગ્રાંટ રૂા. ૧,૫૫,૬૬,૪૦૦/- વર્ષ ૨૦૧૧-૧૨ માં મળેલ છે.<br>ઉપરોકત વિગતે ગ્રાન્ટ મળેથી તાલુકાવાર ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે. જે અત્રેના હુકમ તા.૨૮/૩/૦૮ થી તાલુકાઓને ફાળવેલ છે.<br>૧) ૦.૦૮ પૈસા પ્રમાણે શિક્ષણ ફાળાની રકમ જિ.પંચાયત કક્ષાએ રાખવામાં આવે છે.<br>૨) ત્યારબાદ બાકી રહેતી રકમના ૨૫ ટકા ગ્રા.પં.નો હિસ્સો, ૧૦ ટકા તા.પં.નો હિસ્સો, ૬૫ ટકા જિ.પં.નો હિસ્સો. |
| ૪ | | | (અ) અતિવૃષ્ટિ,,કોમી તોફાનો, પૂર વગેરે કુદરતી આપત્તિઓના સંજોગોમાં કેશડોલ્સ ઘરવખરી સહાય અને મૃત્યુ સહાય મંજુર કરવાની કામગીરી મહેસુલ વિભાગના તા.૨૧/૮/૨૦૧૦ ના ઠરાવથી ઠરાવેલ ધોરણે અને જોગવાઇઓ ધ્યાને લઇ કરવામાં આવ છે. જેમાં મૃત્યુ સહાય સરકારી ફંડમાંથી રૂા. ૧,૦૦,૦૦૦/- અને માન.મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાંથી રૂા. ૫૦,૦૦૦/- ચુકવવામાં આવ છે. <u>કેશડોલ્સ</u> :- પુખ્ત વયની વકિત દિઠ રૂા. ૨૦ દૈનિક તથા બાળક દિઠ રૂા. ૧૫/- દૈનિક વધુમાં વધુ દિન-૧૫ અને કુટુંબ દિઠ મહત્તમ પાંચ વ્યકિતની મર્યાદામાં ચુકવવામાં આવે છે.<br><u>કપડા અને ઘરવખરી</u> :- સહાય કુટુંબ દિઠ રૂા.૨૦૦૦/ ચુકવવામાં આવે છે.<br><u>મકાનો / ઝુંપડા સહાય</u> :- સર્વે ટીમના નુકશાનના અંદાજ પ્રમાણે વધુમાં વધુ રૂા.૩૫,૦૦૦/- સુધી ચુકવવામાં આવે છે.<br>(બ) આગ-અકસ્માતના કિસ્સામાં સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧/૮/૮૯ ના ઠરાવ વિગતે ધોરણસરની દરખાસ્ત સબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રી પાસેથી મેળવી અત્રેથી મંજુર કરવામાં આવે છે. જેમાં મૃતકના કાયદેસરના વારસદારોને સરકારી ફંડમાંથી રૂા.૨૫૦૦/- અને મુખ્યમંત્રીશ્રીના રા.ફંડમાંથી રૂા.૨૫૦૦/- ની મૃત્યુ સહાય ચુકવવાની કામગીરી અત્રેથી કરવામાં આવે છે.<br>ઉકત વિગતો પૈકી સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧૮/૩/૯૧ ના ઠરાવની જોગવાઇ મુજબ જે કિસ્સામાં બે થી વધુ મૃત્યુ થાય તેવા કિસ્સામાં મૃતકની ઉંમર, આવક ધ્યાને લીધા સિવાય મૃત્યુ સહાય ચુકવી આપવામાં આવે છે. |

| | | | |
|---|---|---|---|
| | | | સરકારશ્રીના તા.૪/૧/૯૫ ના ઠરાવથી ગ્રામ્ય વિસ્તાના બનાવ માટે મૃત્યુ સહાય ચુકવવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સક્ષમ ગણવામાં આવેલ છે. |
| ૫ | | | મદદનીશ ભૂસ્તર શાસ્ત્રીશ્રી, અમદાવાદ દ્વારા ગ્રામ પંચાયતો પાસેથી થયેલ રોયલ્ટીની આવક વિગતે તેઓ દ્વારા નિયામકશ્રી, ખાણ અને ખનીજ વિભાગ, ગાંધીનગરને દરખાસ્ત મોકલી ગ્રામ પંચાયતોને મળવાપાત્ર રેતી કાંકરી ગ્રાન્ટની માંગણી તેમજ ગ્રાન્ટની તાલુકાવાર ફાળવવી તથા વસુલ આવેલ રોયલ્ટીની રકમના આધારે ગ્રામ પંચાયતોને ફાળવી આપવાની કામગીરી અત્રેથી કરવામાં આવે છે. જેનું ધોરણ નીચે મુજબ છે.<br>રોયલ્ટીની આવકમાંથી ૫ ટકા વહીવટી ખર્ચ બાદ કરી બાકી રહેતી રકમના<br>૫૦ ટકા ગ્રા.પં.નો હિસ્સો, ૫૦ ટકા જિ.પં.નો હિસ્સો.<br>હાલમાં સને ૨૦૧૧-૧૨ દરમિયાન અમદાવાદ જિલ્લા પંચાયતને સદર બાબતે કોઈ ગ્રાંટ મળેલ નથી. |
| ૬ | | | સરકારશ્રી દ્વારા અછતની પરિસ્થિતી જાહેર થતાં અછતના કામો તેમજ આવક-ખર્ચના હિસાબોની કામગીરી અત્રેના દફતરેથી સરકારશ્રીના પ્રવર્તમાન ઠરાવોનુસાર કરવામાં આવે છે. |
| ૭ | | | સરકારશ્રીના મહેસુલ વિભાગ દ્વારા તાલુકા પંચાયતના મહેસુલી દફતર તપાસણી કરવામાં આવે છે. જે અંગેની તપાસણી નોંધના પેરાના જવાબો / પૂર્તતા સબંધિત તાલુકા પંચાયત પાસેથી મેળવી અત્રેથી સરકારશ્રીમાં મોકલી આપવામાં આવે છે. |
| ૮ | | | અત્રેના દફતરે પંચાયત રાજ સમિતીના વર્ષવાર બાકી પેરાના જવાબો / પૂર્તતાની કામગીરી કરવામાં આવે છે જેમાં છેલ્લા ઓડીટ અહેવાલ અન્વયે ઓડીટ વર્ષ ૨૦૦૫-૦૬ ના જવાબો અત્રેથી મહેસુલ વિભાગમાં મોકલી આપવામાં આવેલ છે. |
| ૯ | | | ઈંટવાડાના તેમજ બાંધકામ સિવાય ખુલ્લા ઉપયોગના અન્ય હેતુ માટે એકસાલી બીનખેતી પરવાનગી આપવા અંગેની કામગીરી અત્રેના દફતરે કરવામાં આવે છે. જેમાં ઉકત હેતુસર અરજદાર તરફથી માગણી કરવામાં આવતા તાલુકા કચેરીના ફેરણી અધિકારી દ્વારા સ્થળ મુલાકાત લઈ સાધનિક કાગળો તૈયાર કરાવી તાલુકા પંચાયત મારફતે અત્રે ધોરણસરની દરખાસ્ત મળતા સમયમર્યાદામાં જિલ્લાની કારોબારી સમિતીમાં ઠરાવ કરી એકસાલી બીનખેતી મંજુરી આપવામાં આવે છે. જેને માંગણી અનુસાર દર વર્ષે રીન્યુ કરી આપવામાં આવે છે. |
| ૧૦ | | | પંચાયતી રાજ અમલમાં આવતાં મહેસુલી ગામોના બ્લોકનંબર / સર્વેનંબરની હદ અંગેના નિશાન દુરસ્તીની કામગીરી જિલ્લા પંચાયતને |

| | | | |
|---|---|---|---|
| | | | સુપ્રત કરવામાં આવેલ છે. જે અંગેની કામગીરી અત્રેના દફતરે કરવામાં આવે છે. આ અંગે તાલુકા પંચાયત પાસેથી દરખાસ્તો મેળવી જિલ્લા કક્ષાએથી દશવર્ષીય કાર્યક્રમ બહાર પાડવામાં આવે છે અને તમામ ગામે હદનિશાન દુરસ્તીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. છેલ્લે તા.૧/૧૧/૦૭ ના હુકમથી દશવર્ષનો (૨૦૦૬-૦૭ થી ૨૦૧૫-૧૬) નો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ છે. હાલમાં એન.એલ.આર.એમ.પી. યોજનામ હેઠળ જમીનોના રી સર્વે કરવામાં આવેલ હોઈ જીલ્લાના તમામ ગામોમાં હદ નિશાન દુરસ્તી કરવાની કામગીરી કરવામાં આવનાર છે. |
| ૧૧ | | | જિલ્લા / તાલુકા કક્ષાએ પડતર તુમાર ગણતરીની કાર્યવાહી ૩૦ મી જુન અને ૩૧ મી ડિસેમ્બર અંતિત કરવામાં આવે છે જેમાં તાલુકા કક્ષાએ ફેરણી અધિકારીશ્રી કક્ષાએ પડતર તુમારની વિગતો મેળવી તે અંગેના ૧ થી ૯ નિયત પત્રકોમાં જિલ્લાની માહીતીની મેહસુલ વિભાગમાં મોકલી આપવામાં આવે છે. |
| ૧૨ | | | મજુર અદાલત તરફથી તેમજ ધી પેમેન્ટ ઓફ ગ્રેજયુઈટી એકટ ૧૯૭૨ હેઠળ નાયબ મજુર કમિશનર તરફથી તેમજ અન્ય ખાતા મારફતે રેવન્યુ રીકવરી સર્ટીફિકેટ ઈસ્યુ કરી સબંધિત પાર્ટી પાસેથી રેવન્યુ રાહે જમીન મહેસુલની બાકી તરીકે વસુલાત કરવા જિલ્લા પંચાયતને રીકવરી સર્ટીફિકેટ મોકલી આપવામાં આવે છે જે અન્વયે અત્રેથી તાલુકા પંચાયત મારફતે વસુલાતની કાર્યવાહી કરવામાં આવે છે. આ અંગે કેટલાક કિસ્સાઓમાં કોર્ટ કેસ ઉપસ્થિત થતાં તે અંગે એડવોકેટ રોકી ધોરણસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવે છે. |
| ૧૩ | | | અરજદાર તરફથી ગામતળ જમીન કબ્જા હક્કથી મેળવવાની માગણી કરતા તાલુકા કક્ષાએથી આવેલ ગામતળની દરખાસ્તમાં રજુ કરેલ ગામતળનો નકશો છેલ્લા પાંચ વર્ષના વેચાણ જમીનની સ્થળ સ્થિતીનો નકશો પંચનામુ વિ.સાધનિક પત્રો સહ દરખાસ્ત જમીનની કિંમત નક્કી કરવા નગર નિયોજકશ્રીની કચેરીને સાદર કરવામાં આવે છે.<br>ન.નિ.શ્રીની કચેરીમાં કિંમત નક્કી થઈ આવતા અરજદારશ્રીનું તે કિમત જમીન ખરીદવા અંગેનું સંમતિપત્ર મેળવી ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક જમન/૩૯૮૬/૨૩૫૭/ગ તા.૧૦/૭/૯૭ થી જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત થયેલ અધિકારો મુજબ જિલ્લા કક્ષાએથી અને નિયત મર્યાદા બહારના કિસ્સામાં મહેસુલ વિભાગને હુકમ અર્થે રજુ કરવામાં આવે છે અને સરકારશ્રીની નિયત શરતો મુજબ હુકમો થતા તે મુજબ અરજદારને જમીન ગ્રાન્ટ કરવના કામે કબ્જા હક્કનીરકમ ભરપાઈ કરતા જરૂરી નિયત શરતો દર્શાવી હુકમ કરવામાં આવે છે. અરજદારની માંગણી અન્વયે કબ્જાહક્કની રકમથી ગામતળ જમીન સુપ્રત કરવાના હુકમો થયેથી દિન-૧૫ માં સદર |

| | | | |
|---|---|---|---|
| | | | જમીનનો કબ્જો તા.પં. દ્વારા સુપ્રત કરવામાં આવે છે અને હુકના ૩૦ દિવસ બાદ નમુનો-એચ માં સનંદ ભરવાની કામગીરી કરવામાં આવે છે. |

## જિલ્લા પંચાયત, અમદાવાદ હસ્તકની મહેસુલ શાખામાં થતી કામગીરી અંગેની વિગત

| અ.નં. | પ્ર.શાખા | કર્મચારીની વિગત | કામગીરીની વિગત |
|---|---|---|---|
| ૪ | વહીવટી | કચેરી સહાયક-૧<br><br>ગુજરાતી ટાઈપીસ્ટ-૧ | ➢ શાખાના મહેકમની કામગીરી/પગારની કામગીરી<br>➢ શાખાની ટપાલની કામગીરી<br>➢ તાલુકામાં ગ્રાન્ટ ફાળવણીની કામગીરી<br>➢ શાખાના સ્ટોરની કામગીરી<br>➢ શાખાધિકારીશ્રી / નાયબ ચીટનીશશ્રી અન્ય વધારાની કામગીરી સુચવે તે કામગીરી<br>➢ શાખાને લગતી માહિતી એકત્રીકરણી કરી મોકલવાની કામગીરી<br>નોંધ :- આ કામગીરીનું સુપરવીઝન નાયબ ચીટનીશ મહેસુલ-૧ દ્વારા કરવામાં આવે છે. |

## જિલ્લા પંચાયત, અમદાવાદ હસ્તકની મહેસુલ શાખામાં થતી કામગીરી અંગેની વિગત

| અ.નં. | પ્ર.શાખા | કર્મચારીની વિગત | કામગીરીની વિગત |
|---|---|---|---|
| ૫ | વહીવટી | ડ્રાઈવર-૧<br>પટાવાળા-૩ | શાખાને એલોટ કરેલ ગાડી ડ્રાયવર તરીકેની ફરજો વર્ગ-૪ ને કરવાની થતી કામગીરી |